૧

**અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ યોજના અંતર્ગત ફ્રીશીપકાર્ડ મેળવતા વિદ્યાર્થીઓને તમામ સ્કોલરશીપનું ચૂકવણુ વિદ્યાર્થીઓના જ બેંક ખાતામાં કરવા તેમજ ફ્રીશીપકાર્ડના નમુનામાં ફેરફાર અંગે.**

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:અજાક/૧૦/૨૦૨૦/૨૬૦૩૬૭/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૧/૦૬/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૧/૦૮/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક : સસક/૧૦૧૩/૫૪૯/છ

(૨) ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયનો તા.30/03/2021નો પત્ર ક્રમાંક:14011/04/2019-SCD-V(Part-1)

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૧૩/૦૫/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૬/૨૧-૨૨/૨૧૮૦

આમુખ:

ભારત સરકાર દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપની યોજના અમલમાં છે. જે અન્વયે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ગુજરાત રાજ્યના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ આપવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના શિક્ષણ વિભાગના તા.૨૧/૦૮/૨૦૧૩ના ઠરાવથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપમાં ફ્રીશીપકાર્ડ આપવાની યોજના અમલમાં છે. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા જિલ્લા કચેરીઓ પાસેથી મેળવેલ ફ્રીશીપકાર્ડ સ્વનિર્ભર સંસ્થાને રજૂ થયેથી સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ ફી લીધા સિવાય પ્રવેશ આપવામાં આવે છે. ત્યારબાદ વિદ્યાર્થી જ્યારે શિષ્યવૃત્તિનું ફોર્મ ભરે ત્યારે સંબંધિત સંસ્થાને શિક્ષણ ફી ચૂકવવામાં આવે છે, જયારે નિભાવ ખર્ચ તથા અન્ય ફી વિદ્યાર્થીના ખાતામાં ચૂકવવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક : (૨) ઉપરના પત્રથી ભારત સરકાર દ્વારા પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૫-૨૬ માટે રીવાઇઝડ ગાઇડલાઇન બહાર પાડવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક : (3) ઉપરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા ભારત સરકારની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની રીવાઇઝડ ગાઈડલાઈન અન્વયે શૈક્ષણિક વર્ષ:૨૦૨૧-૨૨થી ફ્રીશીપકાર્ડ યોજના અંતર્ગત એડમીશન મેળવતા વિદ્યાર્થીઓની તમામ શિષ્યવૃત્તિ વિદ્યાર્થીના જ બેંક ખાતામાં ચૂકવવાની મંજુરી આપવા તેમજ રીવાઇઝડ ગાઇડલાઇન મુજબ ફ્રીશીપકાર્ડના નમુનામાં પણ ફેરફાર કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની ભારત સરકારની પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ યોજનાની રીવાઇઝડ ગાઇડલાઇન (વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૫-૨૬) અન્વયે સરકાર માન્ય સ્વનિર્ભર (સેલ્ફ ફાઈનાંસ સંસ્થાઓ /કોલેજોમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે આપવામાં આવતા ફ્રીશીપકાર્ડના નમુનામાં ફેરફાર માટેની દરખાસ્ત ગ્રાહ્ય રાખવામાં આવે છે. તેમજ ફ્રીશીપકાર્ડ યોજનામાં શૈક્ષણિક વર્ષ: ૨૦૨૧-૨૨થી એડમીશન મેળવતા વિદ્યાર્થીઓની તમામ શિષ્યવૃત્તિ વિદ્યાર્થીના જ બેંક ખાતામાં ચૂકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

ભારત સરકારની રીવાઇઝડ ગાઇડલાઇનની તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

સદરહું ઠરાવ સમાન ક્રમાંકની ફાઈલ ઉપર માન.મંત્રીશ્રી(સા.ન્યા)ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી / ઉપ સચિવશ્રી(વિજાક/સ.સુ), સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક:નં ૪, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૧

## ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૧/૦૬/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૨૦/૨૬૦૩૬૭/ગ અન્વયે સરકાર માન્ય સ્વનિર્ભર (સેલ્ફ ફાઇનાન્સ) સંસ્થાઓ/કોલેજોમાં અભ્યાસ કરતા અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ફ્રીશીપકાર્ડ

આથી દાખલો આપવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુ. .......................................................................... રહે. ............... તા. ....................... જિ. ....................... ના ધર્મે ......................... અને જાતે ...................................... છે. જે જાતિને સરકારશ્રીએ અનુસુચિત જાતિ તરીકે માન્ય કરેલ છે.

વિદ્યાર્થી તરફથી રજુ કરવામાં આવેલ માહિતી અનુસાર તેમના મા-બાપ/વાલીની સને. ................ ની વાર્ષિક આવક રૂપિયા ............................ (..............................................................................) છે.

ઉપરની હકીકત તેમજ તેઓની અરજી ચકાસતા ઉક્ત વિદ્યાર્થીને નીચેની શરતોને આધિન શરતનં:૩માં દર્શાવેલ અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા ભલામણ છે.

નંબર :
તારીખ :

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી
જિ...................

નોંધ/શરતો:-

૧) મેનેજમેન્ટ ક્વોટા/ NRI ક્વોટા/ સ્પોટ એડમીશનમાં પ્રવેશ લીધેલ હોય તેવા વિદ્યાર્થીની શિષ્યવૃતિ મળવાપાત્ર થશે નહિ. (પરંતુ જે અભ્યાસક્રમોમાં મેનેજમેન્ટ ક્વોટા સીટ પર પારદર્શક પધ્ધતિથી, જાહેરાત આપી અરજીઓ મંગાવી, રેંક તૈયાર કરી, મેરીટના ધોરણે એડમીશન કરવામાં આવતુ હોય અને તેવા અભ્યાસક્રમોની ફી " Fee Fixation / Rationalization Committee" દ્વારા નક્કી કરવામાં આવતી હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ મળી શકશે)

૨) આ કાર્ડ ફક્ત એક કોલેજ/સંસ્થા માટે માન્ય છે. વિદ્યાર્થી જે કોલેજમાં દાખલ થવાનું નક્કી કરે તે જ કોલેજમાં આ કાર્ડ આપે અને આ કાર્ડ એક અભ્યાસક્રમ માટે એક જ વાર લેવાનુ રહેશે.

૩) વિદ્યાર્થી શૈક્ષણિક વર્ષ .....................માં .................................. અભ્યાસક્રમમાં દાખલ થવા માંગે છે તો તેમને જે તે વર્ષમાં દાખલ કરવા ભલામણ છે. જો વિદ્યાર્થી કોલેજ બદલે તો તેણે અગાઉથી સંબધિત નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીની મંજુરી લેવાની રહેશે.

૪) સરકારશ્રી દ્વારા સ્વનિર્ભર સંસ્થાઓ માટે રચાયેલ "Fee Fixation / Rationalization Committee" દ્વારા નક્કી કરવામાં આવેલ શિક્ષણફી જરૂરી આધારો રજુ થયેથી વિદ્યાર્થીઓને મળવાપાત્ર થશે.

૫) જે વિદ્યાર્થી આ કાર્ડ મેળવી કોલેજ/સંસ્થામાં પ્રવેશ મેળવે તેણે નિયમોનુસાર Digital Gujarat Portal પર અથવા સરકારશ્રી નક્કી કરે તે મુજબ શિષ્યવૃત્તિ મેળવવા બાબતનુ ફોર્મ"(BCK-6.1) Post Matric Scholarship For SC Students (GOI) (Freeship Card Students Only)" યોજનામાં ભરવાનુ રહેશે. વિદ્યાર્થી સમયમર્યાદામાં ફોર્મ ફરજીયાત ભરે તે અંગેની તમામ તકેદારી જે તે કોલેજ/સંસ્થાએ રાખવાની રહેશે.

૬) નવી ગાઇડલાઇન મુજબ વર્ષ:૨૦૨૧-૨૨થી શિક્ષણફી સહિતની તમામ શિષ્યવૃત્તિ વિદ્યાર્થીના ખાતામાં જ જમા કરવામાં આવશે. "વિદ્યાર્થીએ શિષ્યવૃત્તિ મળ્યેથી ૭ કામકાજના દિવસની અંદર જયાં પ્રવેશ મેળવ્યો હોઈ તે કોલેજ/સંસ્થાને ચુકવવા પાત્ર ફી ફરજિયાત ચુકવી દેવાની રહેશે." જો વિદ્યાર્થી આવી ફી સમયમર્યાદામાં નહિ ભરે તો સંબધિત કોલેજ/સંસ્થા વિદ્યાર્થી સામે નિયમોનુસાર કાર્યવાહી કરી શકશે.

૭) "અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાની" ગાઇડલાઇનના વખતો વખતના ધારાધોરણ માટે વિદ્યાર્થી/સંસ્થા બંધનકર્તા રહેશે.

૮) વધુ માહિતી માટે સંબધિત જિલ્લાના નાયબ નિયામકશ્રી, અ.જા.ક. નો સંપર્ક કરવાનો રહેશે.

---

### વિદ્યાર્થીએ આપવાની બાંહેધરી

આથી હુ બાંહેધરી આપુ છું કે આવક / જાતિ તેમજ આ કાર્ડ મેળવવા માટેની અરજીમાં મે જે વિગતો રજુ કરી છે તે જો ખોટી ઠરશે અથવા બીજા કોઇ પણ કારણસર જો હુ શિષ્યવૃત્તિને પાત્ર ન ઠરુ તો તમામ શિષ્યવૃત્તિ સરકારશ્રીમાં પરત જમા કરીશ તેમજ અમારી સામે જે નિયમોનુસાર પગલા લેવામાં આવશે તેને હું બંધનકર્તા રહીશ. વધુમાં શિષ્યવૃતિનુ ફોર્મ Digital Gujarat Portal પર અથવા સરકારશ્રી નક્કી કરે તે મુજબ નિયમોનુસાર ભરવાનુ છે તેની મને જાણ છે તેમજ શિષ્યવૃત્તિ મળ્યેથી ૭ કામકાજના દિવસમાં અમો કોલેજ/સંસ્થામાં ભરવી પડતી ફી કોલેજ/સંસ્થામાં ભરવા બાંહેધરી આપીએ છીએ. જો અમો આવી ફી સમયમર્યાદામાં કોલેજ/સંસ્થામાં નહિ ભરીએ તો સંબધિત કોલેજ/સંસ્થા અમારી સામે નિયમોનુસાર કાર્યવાહી કરી શકશે જેની અમોને જાણ છે.

તારીખ:

વિદ્યાર્થીની સહી